**ઓટીપી વગર જ બેંક ખાતામાંથી ઉપડી ગયા પૈસા**

## કાલોલમાં ૭૫ વર્ષીય નિવૃત્ત વૃદ્ધ સાથે રૂ. ૮૬,૦૦૦ની ઓનલાઇન સાયબર છેતરપિંડી

**પાસબુક** ખોવાયા બાદ બેંકમાં એન્ટ્રી કરાવતા ભાંડો ફૂટ્યો

(પ્રતિનિધિ) કાલોલ, તા.21
કાલોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઓનલાઇન ફ્રોડનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં એક ૭૫ વર્ષીય નિવૃત્ત વૃદ્ધના બેંક ખાતામાંથી કોઈપણ પ્રકારનો ઓટીપી (OTP) આપ્યા વગર અજાણ્યા ઈસમે યુ.પી. આઈ.ડી. (UPI ID) વડે અલગ-અલગ તારીખોમાં કુલ રૂ. ૮૬,૦૦૦ ઓનલાઇન ટ્રાન્સફર કરી ઉપાડી લીધા છે. આ અંગે ભોગ બનનાર વૃદ્ધે કાલોલ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ સામે આઈ.ટી. એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી છે.મળતી વિગતો મુજબ, કાલોલની પુરુષોત્તમનગર સોસાયટીમાં રહેતા અને નિવૃત્ત જીવન ગુજારતા ૭૫ વર્ષીય જફરુલ્લાખાન મુસ્તુફાખાન પઠાણનું બેંક ઓફ બરોડાની કાલોલ શાખામાં પેન્શન ખાતું આવેલું છે. ગત ૨૫ એપ્રિલ ૨૦૨૬ના રોજ તેમની બેંક પાસબુક કાલોલ બજારમાં ખોવાઈ ગઈ હતી. જેના કારણે તેમણે મે મહિનામાં બેંકમાંથી નવી પાસબુક કઢાવી હતી. જ્યારે તેઓ બેંકમાં જઈ નવી પાસબુકમાં એન્ટ્રી કરાવી ત્યારે તેમના હોશ ઉડી ગયા હતા.
બેંક એન્ટ્રી જોતા માલૂમ પડ્યું કે, ગત તા. ૦૧/૦૩/૨૦૨૬ થી તા. ૧૦/૦૪/૨૦૨૬ દરમિયાન અલગ-અલગ તારીખોમાં કોઈ અજાણ્યા ઈસમે ભોગ બનનારનો કોઈપણ ઓટીપી મેળવ્યા વિના, તેમના ખાતામાંથી કુલ રૂ. ૮૬,૦૦૦/- યુ.પી.આઈ.ડી. (UPI ID) દ્વારા ઓનલાઈન ટ્રાન્સફર કરી લીધા હતા. આ ઓનલાઈન ફ્રોડ અંગે જાણ થતાં જ વૃદ્ધે તુરંત જ સાયબર ક્રાઈમ લેન્ડલાઈન નંબર ૧૯૩૦ પર ફોન કરીને પોતાની ફરિયાદ નોંધાવી ઓનલાઈન અરજી કરી હતી. ત્યારબાદ તેમણે કાલોલ પોલીસ મથકે રૂબરૂ આવીને અજાણ્યા ઈસમ વિરુદ્ધ આઈ.ટી. એક્ટની કલમ ૬૬(સી) અને ૬૬(ડી) હેઠળ ગુનો દાખલ કરાવ્યો છે.કાલોલ પોલીસ સ્ટેશન દ્વારા ગુનો નોંધીને આ કેસની કાયદેસરની આગળની તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર આર.ડી. ભરવાડને સોંપવામાં આવી છે.

## પાવાગઢ દુર્ઘટનામાં મૃત્યુ પામનારના પરિવારને રૂ.૪ લાખનો ચેક અર્પણ



(પ્રતિનિધિ) હાલોલ, તા.21
બે દિવસ અગાઉ પાવાગઢ પાટીયા પુલ ખાતે પથ્થર ઢસી પડતા સર્જાયેલી ગોઝારી દુર્ઘટનામાં બે લોકોના મોત થયા હતા. આ ઘટનાથી શોકમાં ગરકાવ થયેલા મૃતકોના પરિવારજનો પર આવી પડેલી આફત વચ્ચે હાલોલ વહીવટી તંત્ર દ્વારા સંવેદનશીલ અભિગમ દાખવવામાં આવ્યો છે. દુર્ઘટનામાં પોતાના સ્વજનો ગુમાવનાર પરિવારોને સરકારના નિયમ મુજબ આર્થિક સહાય મળી રહે તે માટે હાલોલ તાલુકા પંચાયત કચેરી ખાતે મૃતકોના પરિવારજનોને સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.

**હજુ તો આખુ ચોમાસુ બાકી ત્યારે લોકોમાં રોષ જોવા મળ્યો**

## ગોધરાના પઢીયાર ગામે એક જ વરસાદમાં ભ્રષ્ટાચારનો પર્દાફાશ, નાળામાં ભુવો પડ્યો

(પ્રતિનિધિ) ગોધરા, તા.21
પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના પઢીયાર ગામે ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવતા વિકાસના કામોમાં ચાલી રહેલો ખુલ્લો ભ્રષ્ટાચાર પ્રથમ વરસાદમાં જ સપાટી પર આવ્યો છે. પઢીયાર ગામે વાંસડી નદી ઉપર ૧૫માં નાણાંપંચ અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪ માં અંદાજિત રૂપિયા ૪ લાખ ૮૫ હજારના માતબર ખર્ચે બનાવવામાં આવેલા નાળામાં પહેલો વરસાદ પડતાની સાથે જ મસમોટો ભુવો પડી ગયો છે. પ્રજાના ટેક્સના પૈસાનો સીધો વેડફાટ કરી માત્ર આર્થિક લાભ મેળવવાના આશયથી જ આ અત્યંત હલકી ગુણવત્તાવાળું નાળું બનાવવામાં આવ્યું હોવાની ફરિયાદો ઉઠી છે. વધુમાં,



સરપંચની પોતાની જ સપ્લાયર પેઢીને આ કામના બીલો અને પેમેન્ટ ચૂકવવામાં આવ્યા હોવાની બાબત સામે આવતા આ સમગ્ર કૌભાંડમાં મિલીભગત હોવાની શંકા ઉભી થઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ ગામમાં ભ્રષ્ટાચારનો આ કોઈ પહેલો કિસ્સો નથી. હાલ જ્યાં ભુવો પડ્યો છે તેની બિલકુલ બાજુમાં જ સ્મશાન રોડ ઉપર ડિસેમ્બર ૨૦૨૫ માં ગ્રામ પંચાયત દ્વારા અન્ય એક નાળું બનાવવામાં આવ્યું હતું. તે નાળું પણ માત્ર ત્રણ મહિનામાં જ તૂટી ગયું હતું અને તેના સિમેન્ટના પોપડા ઉખડી ગયા હતા. આ બાબતે જાગૃત નાગરિક દ્વારા અગાઉ ફરિયાદ કરવામાં આવી હોવા છતાં સ્થાનિક તંત્રએ કોઈ જ તપાસ હાથ ધરી ન હતી. જે બાદ નાળું વધારે તૂટતા આ બાબતે જૂન મહિનામાં યોજાનાર કલેકટરના જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં પણ લેખિત રજૂઆત કરવામાં આવી હતી.

**સુરતના દર્શનાર્થીઓને પોઇચા નજીક અકસ્માત નડ્યો**

## બાવળીયા ગામ પાસેથી પસાર થઈ રહેલી કાર ઝાડ સાથે ટકરાઈ, ૧ નુ મોત, ૬ ઘાયલ

(પ્રતિનિધિ) શિનોર, તા.21
વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં પોઈચા નીલકંઠ ધામના દર્શનાર્થે જઈ રહેલા સુરતના એક પરિવારની કાર બાવળીયા ગામ નજીક ગંભીર અકસ્માતનો ભોગ બની હતી. કાર બાવળના ઝાડ સાથે ધડાકાભેર અથડાતા એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે પરિવારના અન્ય 6 સભ્યો ઘાયલ થયા હતા. ઘટનાની જાણ થતાં શિનોર પોલીસ અને 108 એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી.
પ્રાપ્ત માહિતી અનુસાર સુરતના નાનજીભાઈ ગલાણી પોતાના



પરિવાર સાથે પોઈચા સ્થિત નીલકંઠ ધામના દર્શનાર્થે કારમાં જઈ રહ્યા હતા. દરમિયાન શિનોર તાલુકાના ઉતરાજ અને બાવળીયા ગામ વચ્ચે કાર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર રોડ પરથી ઉતરી જઈ બાવળના ઝાડ સાથે જોરદાર અથડાઈ હતી. અકસ્માતમાં નાનજીભાઈ ગલાણીનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે તેમના પુત્ર પરેશભાઈ, પુત્રવધુ માયાબેન, 6 વર્ષનો હરિકૃષ્ણ, 8 વર્ષની દેવિકા, દક્ષાબેન અને ભાણિયા નેવીલ સહિત કુલ 6 લોકો ઘાયલ થયા હતા. ઘટનાની જાણ થતાં શિનોર પોલીસ તથા 108 ઈમરજન્સી સેવા સ્થળ પર પહોંચી હતી. ઘાયલોને તાત્કાલિક સારવાર માટે મોટા ફોફળિયા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

## ડભોઈ કડીયા સમાજ ધ્વારા સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ




(પ્રતિનિધિ) ડભોઈ, તા.21
ડભોઈ કડીયા જમાત પંચ ધ્વારા કડીયા જમાતખાના ખાતે સમાજમા નામના મેળવનાર અને સમાજ નુ ગૌરવ વધારનાર યુવા યુવતીઓનો સન્માન સમારંભ યોજાયો હતો. જેમા કડીયા સમાજના ગ્રેજ્યુએટ, તેમજ ઉચ્ચ શિક્ષણ મેળવનાર સહીત ધોરણ-10 અને 12 મા સારા માર્કે ટકાવારી મેળવી પાસ થનારા તમામ નુ ભાવભીનુ સ્વાગત કરી ટ્રોફી અને પ્રમાણપત્ર આપી અભિવાદન કરાતા શિક્ષણ મેળવનારા યુવા યુવતીઓમા સમાજ તરફ થી મળેલ પ્રોત્સાહનને લઈ ખુશી વ્યાપી જવા પામી હતી.તિલાવતે કુરાન થી કાર્યક્રમની શરુઆત સાથે કડિયાવાડ નાની મસ્જીદના પેશ ઈમામ હાફિજ મુસ્તુફા સાહેબ એ મુસ્લીમ સમાજ ને દીન અને દુનિયા ની તાલીમ જરુરી હોવા અંગે વિસ્તાર પુર્વક જુદાજુદા ઉદાહરણ ટાંકી કાર્યક્રમ મા હાજર સમાજ ના લોકો ને જાણકારી આપી હતી.

## કાલોલના અલાલી ગામ પાસે બાઈક અકસ્માતમાં અકને ઈજા

કાલોલ : રામનાથથી સગનપુરા ગામ તરફ આવતા વળાંક પાસે એક બેફામ બાઈક ચાલકે સામેથી આવતી મોટરસાયકલને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ૨૫ વર્ષીય યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે, જ્યારે અકસ્માત સર્જીને બાઈક ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. મળતી માહિતી મુજબ, સગનપુરા નિશાળ ફળિયામાં રહેતા અને કાલોલની ઈનોક્ષ કંપનીમાં નોકરી કરતા કાર્તિકભાઈ અશ્વિનભાઈ પરમાર (ઉં.વ. ૨૫) ગત ૧૮ જૂન ૨૦૨૬ના રોજ સાંજના આશરે ચારેક વાગ્યે કંપનીમાંથી છૂટીને પોતાના મિત્રની બાઈક (નંબર: GJ-17-BQ-0687) લઈને ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન રોંગ સાઈડમાં પૂરઝડપે અને ગફલતભરી રીતે આવતા એક બાઈક (નંબર: GJ-17-BM-8668) ના ચાલકે કાર્તિકભાઈની બાઈકને સામેથી સીધી ટક્કર મારી દીધી હતી.

## રળિયાતી ગામે હરિયા ફળિયામાં જુગારના અડ્ડા પર દરોડો, ૬ ઝડપાયા

**પોલીસે** રોકડ તેમજ મોબાઈલ વગેરે મળી ૧.૪૬ લાખ ઉપરાંતના મુદ્દામાલ કબજે કર્યો

(પ્રતિનિધિ) દાહોદ, તા.21
રળીયાતી ગામના હરિયા ફળિયામાં રહેતા બાલાભાઈ ખુમાનભાઈ ડામોર પોતાના કબજાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી ગંજી પત્તાનો જુગાર રમાડતો હોવાની ગુપ્ત બાતમી દાહોદ એલસીબી પોલીસને મળી હતી જે બાતમીને આધારે દાહોદ એલસીબી પોલીસે રાત્રીના સાડા આઠ વાગ્યાના સુમારે બાતમીમાં દર્શાવેલ રળીયાતી ગામે હરિયા ફળિયામાં રહેતા બાલાભાઈ ખુમાનભાઈ ડામોરના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનને ચારે બાજુથી કોર્ડન કરી ઓચિંતો દરોડો પાડી પત્તા પાનાનો રૂપિયા વડે હારજીતનો જુગાર રમતા ઘરધણી બાલાભાઈ ખુમાનભાઈ ડામોર, દાહોદ બહારપુરામાં રહેતા પ્રવીણભાઈ વાલાભાઈ પ્રજાપતિ, રળીયાતી ડામોર ફળિયામાં રહેતા અનિલભાઈ હિંમતભાઈ ડામોર, દાહોદ અગ્રવાલ સોસાયટીમાં રહેતા દીપકભાઈ મોહનભાઈ ખંડેલવાલ, દાહોદ અગ્રવાલ સોસાયટીમાં રહેતા નિવૃત્ત શિક્ષક અશોક કુમાર શાંતિલાલ જૈન, હતા દાહોદ ચાકલીયા રોડ પંડ્યા ફાર્મ શ્યામલ સોસાયટીમાં રહેતા નિવૃત રેલવે કર્મચારી શૈલેષભાઈ પરસોત્તમભાઈ ઠાકરની અટકાયત કરી તેઓની અંગ જડતી લઈ તેઓની પાસેથી રૂપિયા ૫૧,૫૦૦/-ની કિંમતની જુદા જુદા દરની ચલણી નોટો તથા દાવ પરથી રૂપિયા ૨૫,૪૧૦/-ની કિંમતની જુદા જુદા દરની ચલણી નોટો તથા રૂપિયા ૭૦,૦૦૦/-ની કુલ કિંમતના મોબાઈલ નંગ-૬ મળી કુલ રૂપિયા ૧,૪૬,૯૧૦/-નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે.

**યોગથી નિરોગી જીવન તરફ મધ્ય ગુજરાતનો પ્રેરક પ્રયાસ** | **આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી**

# 'કરો યોગ, રહો નિરોગ'ના સૂત્ર સાથે મધ્યગુજરાતના નગરોમાં ઉત્સાહનો માહોલ

### દાહોદના છાબ તળાવ ખાતે રાજ્યમંત્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને યોગ દિવસ ઉજવાયો



**દાહોદ :** દાહોદની ઓળખ સમા છાબ તળાવ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લા કક્ષાની આ ઉજવણીમાં રાજ્યમંત્રીશ્રી રમેશભાઈ કટારા, કલેકટરશ્રી સુરભિ ગૌતમ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રવિરાજસિંહ જાડેજા, પ્રાયોજના વહીવટદારશ્રી પ્રતિક જૈન, ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી, નિવાસી અધિક કલેક્ટર જે. એમ. રાવલ, નાયબ પોલીસ અધિક્ષક શ્રી જગદીશ ભંડારીતેમજ દાહોદ સહિત જિલ્લાના નાગરિકો, સ્કૂલના વિદ્યાર્થીઓ, પોલીસ વિભાગ, શિક્ષકો, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના પ્રશિક્ષકો અને યોગ સાધકોએ ઉપસ્થિત રહી કોમન યોગ પ્રોટોકોલનો યોગાભ્યાસ કર્યો હતો.

### ગોધરા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે 12મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ રંગેચંગ યોજાયો



**ગોધરા :** ગોધરા ખાતે જિલ્લા કક્ષાના ૧૨માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૬ની ઉજવણી પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સાંસદ રાજપાલસિંહ જાદવના અધ્યક્ષતામાં કરાઈ હતી. સમગ્ર દેશ અને દુનિયાભરમાં ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણીના ભાગરૂપે પંચમહાલના સાંસદ રાજપાલસિંહ જાદવે નાગરિકોને શુભકામનાઓ પાઠવતા યોગનું સાચું મહત્વ સમજાવ્યું હતું. એક સમયે માત્ર આશ્રમો અને સાધના પૂરતો મર્યાદિત રહેલો યોગ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અવિરત પ્રયાસો અને દૂરદર્શી વિચારસરણીને કારણે વૈશ્વિક સ્તરે સ્વીકૃત બન્યો છે જે સમગ્ર ભારત માટે અત્યંત ગૌરવની બાબત છે.

### સંખેડામાં વિશ્વ યોગ દિવસની ઉજવણી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં કરાઇ



**સંખેડા :** ડી.બી. પારેખ હાઈસ્કૂલમાં તાલુકા કક્ષાનો વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધારાસભ્ય, મામલતદાર તથા સહકર્મચારીઓની ઉપસ્થિતિમાં શાળા પરિવાર અને કોલેજના આચાર્ય ડી.વી.પટેલ અને ફિઝિકલ ડાયરેક્ટર શ્રી વી.એન. ગામીત તથા શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર ડો.પી.આર.શ્રીમાળી તથા સ્વયંસેવકો અને કોલેજના વિદ્યાર્થી ભાઈઓ બહેનોએ યોગ કરી સ્વાસ્થ્ય સુધારવા માટે સહભાગી બન્યા હતા. યોગ કરવાથી તમારા રોઝિંદા જીવનમાં મોટા બદલાવ આવી શકે છે અને સાથે જીવન જીવવાની નિરોગીમય ચાવી એટલે માત્ર ને માત્ર યોગ.

### પાદરાની એમ. કે. અમીન કોલેજમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી



**પાદરા :** વિશ્વભરમાં ઉજવાતા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે પાદરાની એમ. કે. અમીન આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ અને કોલેજ ઓફ કોમર્સ ખાતે રાષ્ટ્રીય સેવા યોજના (NSS)ના સહયોગથી વિશેષ યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો તેમજ પાદરા નગરના નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લઈ યોગના મહત્વ અંગે જાગૃતિ મેળવી હતી. 'આરોગ્ય, સમરસતા અને સર્વાંગી સુખાકારી માટે યોગ'ના સૂત્રને કેન્દ્રમાં રાખી યોજાયેલા કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, વડોદરાના જિલ્લા સંયોજક ડો. ઇન્દ્રજિત પરમાર અને તેમની ટીમે યોગાસન, પ્રાણાયામ અને ધ્યાનની વિવિધ પદ્ધતિઓનું માર્ગદર્શન આપ્યું હતું.

### ગરબાડામાં મામલતદાર યોગેન્દ્રસિંહ પુવારના અધ્યક્ષસ્થાને યોગાભ્યાસ



**ગરબાડા :** ગરબાડા માધ્યમિક શાળા ખાતે ગરબાડા વહીવટી તંત્ર દ્વારા ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની તાલુકા કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ ગરબાડા મામલતદાર યોગેન્દ્રસિંહ પૂવારના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન વિવિધ યોગાસનો અને પ્રાણાયામનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ ઉપસ્થિતોએ સામૂહિક યોગાભ્યાસ કરી યોગ દિવસની ઉજવણી કરી હતી. આ પ્રસંગે મામલતદાર યોગેન્દ્રસિંહ પૂવારે યોગના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક લાભો અંગે માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે નિયમિત યોગ વ્યક્તિના સર્વાંગી વિકાસ અને સ્વસ્થ જીવન માટે અત્યંત જરૂરી છે.

### હાલોલ કલરવ શાળામાં "આંતરરાષ્ટ્રીય યોગ દિવસની" થયેલી ભવ્ય ઉજવણી




**હાલોલ :** સમગ્ર વિશ્વામાં 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઇ હતી જેમાં કલરવ સ્કૂલ, હાલોલ ખાતે ગુજરાત યોગ બોર્ડના સહયોગથી ઉત્સાહભેર કરવામાં આવી. આ વર્ષની યોગ દિવસની થીમ "Yoga for Healthy Ageing" (સ્વસ્થ વૃદ્ધત્વ માટે યોગ) હતી, જે દરેક વયના લોકો માટે યોગના મહત્વને ઉજાગર કરે છે. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને યોગના મહત્વ અંગેના સંક્ષિપ્ત ઉદ્બોધન સાથે કરવામાં આવી. ગુજરાત યોગ બોર્ડના પ્રશિક્ષિત યોગ માર્ગદર્શકો અને શાળાના વ્યાયામ શિક્ષક વિજયસિંહ ચૌહાણ દ્વારા વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા સ્ટાફને વિવિધ યોગાસનો, પ્રાણાયામ અને ધ્યાનની ક્રિયાઓ કરાવવામાં આવી.

### સિંગવડ તાલુકા કક્ષાના કાર્યક્રમમાં છાપરવડ એકલવ્ય સ્કૂલમાં લોકો યોગમય બન્યા



**સિંગવડ :** પ્રથમ વખત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા 21 જૂનને યોગ દિવસ જાહેર કરવાની પહેલ કરવામાં આવી હતી. તેમની આ પહેલ બાદ આજે સમગ્ર વિશ્વમાં અને આજુબાજુના દેશોમાં પણ યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. આને અનુલક્ષીને સિંગવડ તાલુકા કક્ષાનો કાર્યક્રમ છાપરવડ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ ખાતે યોજાયો હતો. કાર્યક્રમમાં દાહોદ લોકસભા સાંસદ જશવંતસિંહ ભાભોર મુખ્ય મહેમાન તરીકે તથા કાર્યક્રમમાં સિંગવડ મામલતદાર તથા સ્ટાફ, તાલુકા વિકાસ અધિકારી સિંગવડ તથા સ્ટાફ, આરોગ્ય વિભાગના કર્મચારીઓ, રણધીપુર રેન્જ ફોરેસ્ટના કર્મચારીઓ, રણધીપુર પોલીસ સ્ટેશનના સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

### છોટાઉદેપુર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોગ દિવસની ઉજવણી કરવામાં આવી



**છોટાઉદેપુર :** છોટાઉદેપુર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લા કક્ષાના યોગ ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ગૌરવપૂર્ણ અવસરે ઉપસ્થિત અધિકારીઓ, પદાધિકારીઓ અને વિશાળ જનમેદનીએ પશ્ચિમ બંગાળથી દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગાંધીનગરથી ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના પ્રેરણાદાયી ઉદ્બોધન અને યોગ કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. આ જીવંત પ્રસારણ બાદ સમગ્ર પરેડ ગ્રાઉન્ડ યોગમય ઉર્જાથી ગુંજી ઉઠ્યું હતું અને સૌએ પ્રોટોકોલ અનુસાર સામૂહિક યોગાભ્યાસ કરી જીવનમાં યોગનુ મહત્વ સમજયુ હતુ.

### કાલોલની શાંતિનિકેતન સ્કૂલમાં યોગ દિવસની ઉજવણીમાં લોકો જોડાયા



**કાલોલ :** સમગ્ર વિશ્વમાં ૨૧મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે આ વર્ષે ભારત સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાતની થીમ સાથે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે જે અંતર્ગત કાલોલ તાલુકા શામળદેવી ગામ નજીક આવેલી શાંતિનિકેતન સ્કૂલમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી હર્ષોલ્લાસભેર કરવામાં આવી હતી. કાલોલની વિવિધ શાળા કોલેજમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. એમજીએસ હાઈસ્કુલ અને સી બી ગર્લ્સ હાઈસ્કુલ ખાતે વિદ્યાર્થીઓએ યોગ કરી, પ્રાણાયામ અને વિવિધ આસન કરી યોગ દિવસની ઉજવણી કરી હતી.

### 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની બોડેલી ખત્રી વિદ્યાલયમાં ઉજવણી




**બોડેલી :** ૨૧ જૂન સમગ્ર વિશ્વમાં યોગ દિવસની ઉજવણી થતી હોય ત્યારે બોડેલી ખાતે ખત્રી વિદ્યાલય ઉચ્ચતર માધ્યમિક શાળાઅને એમ.ડી.આઈ પ્રાથમિક શાળામાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ દ્વારા યોગ કરવામાં આવ્યા હતા. આ ઉત્સવની ઉજવણી કરી હતી જેમાં આચાર્ય યુ.વાય.ટપલાએ યોગ વિશે વિશેષ માહિતી પૂરી પાડતા યોગનું મહત્વ સમજાવતા કહ્યું હતું કે યોગ એક શારીરિક માનસિક અને અધ્યાત્મિક અભ્યાસ છે જેની શરૂઆત પ્રાચીન ભારતમાં થઈ હતી. આ ઉપરાંત અન્ય સમજુતી આપી વિદ્યાર્થીઓને વિશેષ જ્ઞાન આપ્યું હતું પી.ઈ.ના શિક્ષક એમ એમ ઠાકોર દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં હતું.